## વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,

## બ્લોક નં ૬.બીજો-ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન

## ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૩૬૧, ૨૩૨૫૧૩૬૩ ફેક્સ નં ૦૭૯-૨૩૨૫૧૩૬૨

YEARS OF CELEBRATING THE MAHATMA

નં.સીઓટી/કોન્ટ્રાક્ટ કેરેજ/ટેક્ષ મુક્તિ / /287.
તારીખઃ-
8 JUN 2020

પ્રતિ,

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,

તમામ.

વિષય : નાણા વિભાગે જાહેર કરેલ "કોવિડ-૧૯" મહામારીથી ઉદ્દભવેલ પ્રતિકુળ આર્થિક પરીસ્થિતિમાં રાજ્યમાં અર્થતંત્રને પુનઃવેગવંતુ કરવા માટે ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કરવા બાબત.

નાણા વિભાગે "કોવિડ-૧૯" મહામારીથી ઉદ્દભવેલ પ્રતિકુળ આર્થિક પરીસ્થિતિમાં રાજ્યમાં અર્થતંત્રને પુનઃવેગવંતુ કરવા માટે ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર નો ઠરાવ ક્રમાંક:અપબ/૧૦૨૦૨૦/૧૦૮/૧૯૫૨૨૪/ક તા.૦૫-૦૬-૨૦૨૦ કરેલ છે. આ ઠરાવમાં કોન્ટ્રાક્ટ કેરેજ બસ, મેક્સી કેબ અને માલ વાહક વાહનો માટે નીચે પ્રમાણે જાહેરાત કરવામાં આવી છે.

"(૭) લોકડાઉનના કારણે નાગરિકોને પરિવહન માટે નિયંત્રણ હોવાથી ખાનગી લક્ઝરી બસો (કોન્ટ્રાક્ટ કેરેજ બસો) તથા જીપ, ટેક્ષી(મેક્સી કેબ) વગેરેના ધંધાને ઘણી મોટી અસર થયેલ છે. આવા સંજોગોમાં તેમને ૧ એપ્રિલ-૨૦૨૦થી ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૦ સુધીના ૬ મહિનાનાં મોટર વ્હીકલ્સ ટેક્ષ (રોડ ટેક્ષ) ભરવામાં સંપૂર્ણ માફી આપવામાં આવશે. જે અંતર્ગત ૬૩ હજાર વાહન ધારકોને રૂ.૨૨૧ કરોડની ટેક્ષ માફી મળશે.

(૮) માલવાહક ટ્રકો અને ટેમ્પો (ગુડ્સ વ્હીકલ્સ) માલિકોને કોરોના પરિસ્થિતિમાં **થયેલ આર્થિક** નુકશાનને ધ્યાને લેતાં ૧ એપ્રિલ-૨૦૨૦ **થી ૩૧** મે-૨૦૨૦ સુધીના બે મહિનાના **સમયગાળા** માટે ગુડ્સ મોટર વ્હીકલ ટેક્ષ (રોડ ટેક્ષ) ભરવામાં માફી આપવામાં આવશે. **જે અંતર્ગત** અંદાજે ૨.૮૦,૦૦૦ વાહન માલિકોને રોડ ટેક્ષમાં રૂ.૧૦૦ કરોડની માફી મળશે."

૨. આ ઠરાવનો અમલ કરવા ગુજરાત મોટર વ્હીકલ્સ ટેક્ષ એક્ટ,૧૯૫૮ હેઠળ તા.૦૬/૦૬/૨૦૨૦નાં રોજ બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા જાહેરનામા ક્રમાંક:PT/14/2020/MVD/10/2020/1005/KH બહાર પાડવામાં આવેલ છે(નકલ સામેલ છે). જેની સમજૂતી નીચે મુજબ છે.

(એ) ગુજરાતમાં નોંધાયેલ વાહનોને જ આ પેકેજનો લાભ મળશે.

(બી) જે વાહનોનો તા.૩૧.૦૩.૨૦૨૦ સુધીનો મોટરવાહન વેરો ભરાયેલ હોય તેમને જ આ લાભ મળશે. જે વાહનોનો તા.૩૧/૦૩/૨૦૨૦ સુધીનો ભરવાપાત્ર વેરો બાકી હોય તેઓ આ વેરો કાયદા/નિયમોનુસાર ભરીને આ રાહતનો લાભ લઈ શકશે.

(સી) તા.૦૧/૦૪/૨૦૧૭ પહેલા નોંધાયેલ માલવાહક વાહનો પર તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧/૦૫/૨૦૨૦ સુધીનો મોટર વાહન વેરો લેવાપાત્ર રહેશે નહીં.

(ડી) તા.૦૧/૦૪/૨૦૧૭ પહેલા નોંધાયેલ મેક્સી કેબ વાહનો પર તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૦/૦૯/૨૦૨૦ સુધીનો મોટર વાહન વેરો લેવાપાત્ર રહેશે નહીં.

(ઈ) તા.૦૫/૦૬/૨૦૨૦નાં રોજ કે તે પહેલા નોંધાયેલ તમામ પ્રકારની કોન્ટ્રેક્ટ કેરેજ બસો પર તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૦/૦૯/૨૦૨૦ સુધીનો મોટર વાહન વેરો લેવાપાત્ર રહેશે નહીં.

(બી) ઉક્ત (સી), (ડી) તથા (ઈ) મુજબનાં સમયગાળા માટે સંબંધિત વાહનોનો જેટલા સમયગાળાનો મોટર વાહન વેરો ભરાઈ ગયેલ હશે તો તેટલા સમયગાળાનો વેરો આગળનાં સમય માટે મજરે મળશે.

ઉક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજૂરી મુજબ

ખાસ ફરજ પરના અધિકારી
વા.વ્ય.કમિ.શ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

૧) માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

AGTTA
DT. : 12/6/2020
File No. : 19

૨) માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩) અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, (કૃષિ, ગ્રા.વિ અને વા.વ્ય) વાહનવ્યવહાર, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.

૪) અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, (રાજયકક્ષા), વાહનવ્યવહાર, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.

૫) અંગતસચિવશ્રી, અધિકમુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૬) અંગતસચિવશ્રી, અગ્રસચિવશ્રી, વાહન વ્યવહાર, બ્લોક નં.-૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

૭) પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

૮) તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ

૯) તમામ પોલીસ અધિકારીશ્રીઓ

૧૦) માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, બ્લોક નં.-૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર આ બાબતની બહોળી પ્રસિધ્ધી મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.

૧૧) પ્રમુખશ્રી, અખિલ ગુજરાત પ્રવાસી વાહન સંચાલક મહામંડળ, ૩૧૨, ONYX-2, નવચેતન હાઇસ્કુલ પાસે, પાલડી ક્રોસ રોડ, પાલડી, અમદાવાદ – આપના તમામ સભ્યોને ઉકત ગાઇડલાઇડની જાણકારી તથા તેનો અમલ કરવાની સૂચના આપવા વિનંતી સહ.

૧૨) પ્રમુખશ્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એશોશિએશન, ૭૫, સહજાનંદ શોપિંગ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ– આપના તમામ સભ્યોને ઉકત ગાઇડલાઇડની જાણકારી તથા તેનો અમલ કરવાની સૂચના આપવા વિનંતી સહ.